






આવે બધા ગુન્હાના આરોપ મોહન ગાળ ખાય છે
સૌના આંધળા ગોળીબારમાં મોહન ઠાર થાય છે
મલાઇ ખાય ગોવાળિયા, ને બંધાય 'મનમોહન'..
ભૂલ ભલે ગમે તે કરે પણ મોહન માર ખાય છે..
(દલબીરબ્હેને પણ રાજીનામું માગ્યું)




કવાયતમાં -
- તો કામ આવે છે ને!!
પોલીસ તંત્ર..
(ચોરી-લૂંટ-ચેન સ્નેચીંગ)

સમજે કયાંથી?
માનવતાની વાત -
બ્રેઇન-ડેડ
(પાકિસ્તાન-સરકાર)

## ચિંતન

**અરણ્યં સારંગૈર્ગિરિકુહરગર્ભાશ્ચ હરિ ભિર્દિશો દિંગ્ભાતંગૈઃ સલિલ મુષિતં પંકજવનૈઃ ।**
**પ્રિયા ચક્ષુર્મધ્ય સ્તન વદનદન સૌંદર્ય વિજિતૈઃ । ક્ષતાં માને મ્લાને મરણ મથવા દ્રગમનમ્ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય સામાન્ય નીતિનો આ શ્લોક છે :

(એક નવો નવો પ્રેમી પોતાની પ્રિયતમાનું અને એનાં સૌંદર્યનું વર્ણન કરતાં કહે છે કેઃ)

જેમના ચક્ષુ ખૂબ જ સુંદર કહેવાય છે એવાં હરણાં-મૃગો, મારી મારી પ્રિયાનાં સુંદર નયનોથી પરાજિત થઇ અરણ્યમાં ચાલ્યાં ગયાં,

જેની કમર ખૂબ પાતળી હોય છે અને વખણાય છે એવી સિંહણો પણ મારી પ્રિયાની પતલી 'કમર' જોઇને અરણ્યની ગુફામાં જઇ સંતાઇ ગઇ!

પુષ્ટતા અને મોટાઇ માટે વખણાતા દિશાના હાથીઓ પણ મારી પ્રિયાના સ્તનો અને શરીરના મધ્ય ભાગના સૌંદર્યને જોઇ ક્ષિતિજની દિશાઓનાં અંતે રહેવા ચાલ્યા ગયા,

મારી પ્રિયાના વદનનું સૌંદર્ય જોઇ કમળો પણ અરણ્યના સરોવરમાં નિવાસાર્થે ચાલ્યાં ગયા,

ખરેખર! જયારે સજ્જનોનું માન સચવાતું નથી અને અપમાન થાય, સ્વમાન ઘવાય છે, ત્યારે તેઓ મ્લાન થઇ જાય છે કરમાઇ-શરમાઇને તેમનું મરણ થઇ જાય છે અથવા તો સ્વૈચ્છિક નિવૃત્તિ લઇ મેદાન છોડી ચાલ્યા જાય છે.

આજકાલ, રાજકારણ, સમાજસેવામાં સારા માણસો નેતૃત્વમાં આગળ આવતા નથી એનું કારણ સમજાયું!!

## સુવિચાર

- કાયદો કરોળિયાનાં જાળા જેવો છે નાનાં જીવજંતુ તેમાં ફસાઇ જાય અને મોટાં (કરોડપતિઓ) જાળાંને પણ તોડી નાખે છે **- સ્વામી આનંદ**
- બધા ચોરોમાંથી મતદારોએ એકાદ સદ્‌ગૃહસ્થ શોધવાનો હોય છે **- અજય ઉમઠ**
- રાજકારણમાં દોસ્તી કે દુશ્મની કંઇ કાયમી હોતાં નથી સત્તા ટકાવવાની સાઠગાંઠ કાયમી હોય છે **- અજય ઉમટ**
- વિશ્વના તમામ દેશોને હવે માત્ર રાજકીય નેતાઓની નહિ પણ સાંસ્કૃતિક-સામાજિક નેતૃત્વની જરૂર છે **- વિષ્ણુ પંડ્યા**
- સારા માણસોએ રાજકારણમાં જવું જ જોઈએ જો સારા માણસો નહિં જાય તો નઠારાનો જ પ્રભાવ વધશે **- મનુભાઇ પંચોલી**
- જુલ્મગાર શાસન એ હિંસક વાઘ કરતાં પણ વધારે ભયાનક હોય છે **- બટ્રાંડ રસેલ**
- રાજકારણી ગરીબો પાસેથી મત અને ઉદ્યોગપતિઓ પાસેથી ફાળો ઉઘરાવી બંનેને એકબીજાથી રક્ષણ આપવાનું વચન આપે છે **- એસ. ભટાચાર્ય**

## બોધ કથા

ગાંધીજીની જન્મતિથિ કે મૃત્યુતિથિની આપણે ત્યાં ઉજવણી થાય જાહેરમાં કોઇ પૂતળાં ને 'આંટી'માં લેવાય એક બે નેતા એમનું નામ વટાવી એમનાં સિદ્ધાંત પર ચાલવા હાજર કરેલા શ્રોતાઓને શિખામણ આપે-ને ઉજવણી પૂર્ણ. પછી સૌ ગાંધીજીને ભૂલીને આચરણ કરે.

જર્મનીના બર્લિનમાં એક નવી શાળા શરૂ થવાની હતી. ટ્રસ્ટી મંડળમાં બે નામની વિચારણા થઇ 'મહાત્મા ગાંધી' અને 'ગ્રેગોર મેન્ડેલ' (જર્મન વૈજ્ઞાનિક). શાળાના તમામ વિદ્યાર્થી સ્ટાફનું મતદાન દ્વારા વલણ તપાસ્યું. અંતે 'મહાત્મા ગાંધી' નામ નિશ્ચિત થયું.

માત્ર નામ રાખીને ટ્રસ્ટ મંડળને સંતોષ ન હતો, સ્ટાફ બાળકોને 'એટનબરો'ની 'ગાંધી' ફિલ્મ બતાવી અને ગાંધીજીની આત્મકથાના અંશો અભ્યાસક્રમમાં ઉમેર્યા. વાર્ષિક પ્રવાસ 'ગાંધી આશ્રમ' અમદાવાદનો આયોજન થયું.

ગુજરાતની શાળાના બાળકો 'ગાંધીજી' વિશે જાણે એનાથી વિશેષ બર્લીનની આ શાળાના બાળકો જાણતા થયાં. 'ગાંધીજી' નામે રસ્તા, યોજનાઓ કે સંસ્થા શરૂ કરી દઇ ગાંધીજીના સિદ્ધાંત ભૂલી જઇએ એનો શું અર્થ?

E-mail : sureshchandrabhatt18@gmail.com

# સમાજમાં જયારે પુસ્તકાલયને દેવાલય જેવો દરજ્જો મળશે ત્યારે એક સુરમ્ય શિક્ષિત સમાજ આકાર લેશે - બસ વાંચવા માટે ભૂખ જાગવી જોઇએ!

## એક પયગામ... આપકે નામ...! - ધ કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

સમય ઘણીવાર જિંદગીને બેશરમ અને નફ્ફટ બનીને તરાશે છે. ઘરનાં નિરવ - ખાલી કમરાઓમાં તનાવ ભરાઇ જાય છે અને ખાનગી હોવા છતાં આપણું એકાંત ખળભળી ઊઠે છે. વિચારો વાવાઝોડાની જેમ ફૂંકાય અને આપણએ પેદા કરેલો તર્ક આપણને જ પડવવા લાગે છે. કોઇ "મિત્ર"નો શૂન્યાવકાશ અનુભવી શકાય એટલો નજદીક આવીને આપણને ઘેરી વળે - ખાલીપો મહેસૂસ થાય અને નજર કમરાનાં ખૂણામાં પડેલાં એકાદ જૂના પુસ્તક પર પડે - જાણે લાલ દરવાજાની જાલિમ ભીડ વચ્ચે જૂનો - ઓળખીયો ચાર વર્ષો બાદ ફરી મળી ગયો હોય તેવો આહ્‌લાદક અનુભવ વીજળીનાં ચમકારાની જેમ તઇ જાય - કિતાબેં બડી યારાના હોતી હૈ યારા!

પુસ્તકોની દુનિયા જ અજાયબ છે - તરેહ તરેહનાં રંગોથી છલકાતી - શબ્દનાં સમંદરમાં તોફાનોની જેમ બેફામ નાચતી દુનિયા! બુક કેસમાં કે ટેબલ પર ચૂપચાપ પડેલાં પુસ્તકોનો રૂઆબ હોય છે - રૂતબો હોય છે. તે હંમેશા ધ્યાનસ્થ યોગી જેવું વિચક્ષણ લાગે છે. જેનાથી વિચાર ઉર્જા ઉત્સર્જિત થતી રહે છે, અને ખામોશી પણ શબ્દસ્થ છે; તે વાંચવાની - સમજવાની - ગ્રહણ કરવાની શક્તિ અને આવડત કેળવવી પડે. દિમાગ અને દિલ ખોલીને પુસ્તક વાંચવા - કેમ કે કદાચ કોઇ નબળી કક્ષાનું પરંતુ સારૂં - સુંદર પુસ્તક એકાદ સારો વિચાર - કંઇક નવી માહિતી - નવી વાત - નવી કહેવત - કંઇક નવું ચોક્કસ આપે છે - વૃક્ષોની જેમ પુસ્તકો પણ પરોપકારી છે અને બીજાઓએ ખુલ્લા દિલે આપવામાં મોન છે - બસ હથેળીઓમાં એને લેતાં આવડવું જોઇએ.

શબ્દોએ ઇતિહાસને સાચવ્યો છે અને કિતાબોએ શબ્દોને સાચવ્યા છે. જે હૈયે છે પણ હોઠે નથી તેને લેખક પુસ્તકનાં પૃષ્ઠો પર તરાશે છે - પુસ્તકનાં પાનાઓ પર લેખક અને વાચકને મીણની જેમ પીગળીને ફેલાઇ જવાનો - શબ્દોની આગમાં સળગવાનો - એનાં રસ ઝરતાં વરસાદમાં ભીંજાવાનો અદ્વિતીય મોકો મળે છે. હૈયું હલબલાવી દે તેવા શબ્દો - આપણી જાણ બહાર જ આંખની કિનારીઓ ભીંની કરી દે તેવા શબ્દો રૂંવાડા ખડા કરી ધડકનો વધારી દેતાં શબ્દો!! વાંચતા - વાંચતા હોઠ પર પતંગિયા જેવી નમણાશથી સ્મિત આવી બેસે અને પછી આપણને ખ્યાલ પણ ન આવે એમ ચૂપચાપ પાંખ ફફડાવી ઊઠી જાય... પુસ્તક વાંચતી વખતે મન સમાધિગ્રસ્ત થઇ ગયું હોય એવી અદ્વૈત શાંતિ અને ઐક્ય અનુભવે છે - અફીણની જેમ ઘણી વાર પુસ્તક વાંચવાની આદત પડી જાય છે અને કેમ ના પડે - એ ટ્રાન્કિવલાઇઝર જેવી અસર પૈદા કરે છે અને કલ્પનાની અને વિચારોની સ્વરચિત દુનિયામાં ધડકતા રહેવાની આલ્કોહોલિક મજા છે...!



જિંદગીની મુસીબતોમાં પુસ્તક કદી પીઠ પાછળ ખંજર ભોંકતુ નથી; એનાં પ્યારમાં સચ્ચાઇ છે કિતાબો સાથેનો રોમાન્સ હંમેશા નજાકતથી ભરેલો રહ્યો છે - તે બેવફા નથી! તે હંમેશા હાજર હોય છે - તમારી આસપાસ - તમારા કમરામાં - તે તમારી આંખોની ગહેરાઇઓમાં ડૂબવા તત્પર છે - તમે તેની સાથે વાત કરી શકો છો - બાથમાં ભીડીને ફરી શકો છો - ગમે ત્યાં વાંચી શકો છો - ગમે ત્યારે વાંચી શકો છો અને સૌથી ખૂબસૂરત વાત કે તે પોતાની વાતથી મુકરતી નથી - ટૂંકમાં પુસ્તકને પ્રેમિકા બનાવવા માટે નો ઓબજેક્ટશન, માય લોર્ડ!!

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પુસ્તક વિક્રેતાઓને સંદેશ આપતા તત્કાલીન પ્રમુખ ફ્રેન્કલીન રૂઝવેલ્ટે કહ્યું હતું કે, "આગ દ્વારા પુસ્તકોનો નાશ ન કરી શકાય. માણસ મૃત્યુ પામે છે પણ પુસ્તકો અમર છે. કોઇ માણસ કે તાકાત સ્મૃતિને ભૂંસી ન શકે. આ યુદ્ધમાં પુસ્તકો હથિયાર છે અને એ તમારી જવાબદારી છે તેને માણસની આઝાદીનાં શસ્ત્રો બનાવવાની." હા, પુસ્તકો મુક્તિ આપે છે - ગ્રંથિઓમાંથી! પુસ્તકનો વિચાર જો ફળીભૂત થાય તો ગાંધી જેવું વટવૃક્ષ પણ ફૂટી નીકળે!!

પુસ્તકો મોંઘા હોય છે એ સામાન્ય દલીલ છે ત્યારે પુસ્તકાલયો નહીં! પુસ્તકાલય માટે સુંદર શબ્દો છે - કિતાબખાનું, કિતાબઘર, ગ્રંથ ભંડાર, ગ્રંથાલય, પુસ્તક શાળા અને આપણે વ્હાલથી પોતીકો કરી દીધેલો શબ્દ - લાઇબ્રેરી!! ઇત્તર વાંચનની રૂચિ આપણી પ્રજામાં ઓછી છે`તે શરમ આવે કબૂલવું પડશે! હે ગુજરાતી - કેવળ અખબારની પૂર્તિઓ જ ઇત્તર વાંચન નથી!! કોલેજનાં વિદ્યાર્થીઓ અભ્યાસક્રમ સિવાયનાં પુસ્તકોને સૂંઘતા પણ નથી - શાળાનાં બાળકોને પુસ્તકોની દુનિયાની યોગ્ય પરિચિત કરતા નથી - નોકરિયાતોને ટાઇમ નથી - ગૃહિણીઓને પણ ઘરકામ સાથે સિરીયલો જોવાનું એક્સ્ટ્રા કામ પણ છે - અને સિનિયર સીટીઝન્સ લાઇબ્રેરીનાં તમામ અખબાર વાંચીને ઢળતી સાંજે ઘરે આવતાં રહે છે! છતાં પણ ગુજરાતી નસીબદાર છે - વાંચનની વ્યક્તિગત જવાબદારી સરકારે એક અભિયાન રૂપે ઉપાડી - "વાંચે ગુજરાત" - ધન્ય ગુજરાતી! ધન્ય ગુજરાત! સમાજમાં જયારે પુસ્તકાલયને દેવાલય જેવો દરજ્જો મળશે ત્યારે એક સુરમ્ય - શિક્ષિત સમાજ આકાર લેશે - બસ વાંચવા માટે ભૂખ જાગવી જોઇએ!

બ્રહ્માનું એક નામ પુસ્તકપાણિ છે - પુસ્તક જ્ઞાનનો દરિયો છે. પુસ્તકો વિનાં માહિતી સંચિત ન થઇ શકી હોત. જેમ માનવીનાં શારીરિક લક્ષણો DNA દ્વારા એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચે છે. તેમ જ્ઞાન અને માહિતીનું ઝરણું પુસ્તકોને લીધે પેઢી દર પેઢી ખળખળ વહેતું આગળ વધે છે. પુસ્તક જ્ઞાનનું ખાનગીકરણ રોકે છે અને તેને સાર્વજનિક બનાવે છે - સર્વજન હિતાયઃ । સર્વજન સુખાયઃ ।

ચટ્ટાન પર કોતરાયેલાં શબ્દો અને પપાયરસ (Papyrus) ની છાલ પર લખાયેલાં શબ્દોથી માંડીને લેસર પ્રિન્ટીંગનાં આ યુગ સુધી ઘણાં બધાં પુસ્તકો અલગ અગલ સ્વરૂપમાં પ્રગટ થતાં રહ્યાં. ગુટેનબર્ગ પ્રિન્ટીંગ ટેકનોલોજીની શોધ કરી ત્યારબાદ પુસ્તકોનો વ્યાપ વધ્યો. પ્રિન્ટીંગ માટેનો ગુજરાતી શબ્દ વધુ ઔચિત્યપૂર્ણ છે - મુદ્રણ 'કલા' ! સાચે જ મુદ્રણ યાને પ્રિન્ટીંગ એક કળા છે - પુસ્તક તે આકર્ષણ ઉમેરે છે - તેને વધુ ખૂબસૂરત બનાવે છે! તભી તો કુછ કિતાબો કો સિર્ફ દેખને સે હી પ્યાર હો જાતા હૈ!

કિતાબોની દુનિયાનો તો કેવળ આ અંશ માત્ર હતો. કિતાબ વાંચવાનો મતલબ કિતાબી કીડો કે કિતાબખોર થવાનો નથી. સારા અને ખરાબ પુસ્તકો વચ્ચેનો ભેદ પણ પારખતાં આવડવો જોઇએ... પુસ્તક સ્થૂળ નથી તેમાં સૂક્ષ્મતા છે. માણસનો ચહેરો કિતાબથી કમ નથી - જો વાંચતા આવડે તો! આ દેસમાં તો હાથ વાંચીને ભવિષ્ય કહેનારા "સાક્ષરો" પણ બેઠા છે - ??!! કુદરતની કિતાબ ખુલ્લી છે - આંખોને કેળવવી પડે - કાન સરવા રાખવા પડે! વાંચન પોતાની જાતને સમજવાની - તેને વિકસાવવાની જ એક પ્રવૃત્તિ છે કદાચ ટોમસ કાર્લાઇસ કહે છે તેમ અંતરમાં વહેતું કવિતાનું ઝરણું મળી આવે...!! વાંચો ગુજરાત! વાંચો દુનિયા!

**લાસ્ટ ઓવર :**

◉ મુર્ખ લોકો પુસ્તક ખરીદે છે, ડાહ્યા લોકો તે પુસ્તકો વાંચે છે (અલબત્ત, ઉછીના લઇને)

◉ 'કલાસિક' - એ પુસ્તક જેને લોકો ખૂબ વખાણે છે પણ કદીય વાંચતા નથી. **- માર્ક ટ્વેઇન**

# હાલમાં જ વિશ્વ કુસ્તી ચેમ્પિયનશિપનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું?

## ● વિષય : ખેલ જગત

(૧) ૨૩મી ફીબા એશિયાઇ મહિલા બાસ્કેટ બૉલ ચેમ્પિયનશીપ કયા દેશે જીતી લીધી? કયા દેશની હરાવીને?
(અ) ચીને જાપાનને હરાવીને (બ) જાપાને ચીનને હરાવીને
(ક) ચીને કોરિયાને હરાવીને (ડ) કોરિયાએ જાપાનને હાવીને

(૨) ૨૦૧૧ના ક્રિકેટકપની સ્પર્ધાઓ માટે કુલ મળીને કેટલાં સ્થલો પસંદ કરવામાં આવ્યાં છે?
(અ) ૧૧ સ્થળો (બ) ૧૩ સ્થળો (ક) ૧૪ સ્થળો (ડ) ૧૫ સ્થળો

(૩) ગત વર્ષ સતત બીજી વાર મિની વર્લ્ડકપ સમાન ગણાતી ચેમ્પિયન ટ્રોફી કયા દેશે જીતી હતી? કયા દેશને હરાવી?
(અ) ઓસ્ટ્રે.એ દ.આફ્રિકાને હરાવીને (બ) દ.આફ્રિકાએ ન્યૂઝી.હરાવીને
(ક) ઇંગ્લેન્ડે દ.આફ્રિકાને હરાવીને (ડ) ઓસ્ટ્રે.એ ન્યુઝી.હરાવીને

(૪) ૨૦૧૧ ક્રિકેટ વર્લ્ડકપમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા તેની પ્રથમ મેચ કયા સ્થળે રમશે?
(અ) અમદાવાદ (બ) મોહાલી
(ક) ચેન્નાઇ (ડ) મુંબઇ

(૫) ૨૦૧૧ના ક્રિકેટ વર્લ્ડકપમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા તેની પ્રથમ મેચ કયા દેશ સામે રમશે?
(અ) ભારત (બ) ઝિમ્બાબ્વે
(ક) શ્રીલંકા (ડ) પાકિસ્તાન




(૬) હાલમાં જ નેધરલેન્ડમાં એમ્સતલવીન ખાતે આયોજિત યુરોપિયન હૉકી ચેમ્પિયનશીપમાં પુરૂષ વર્ગનો ખિતાબ કયા દેશે જીત્યો હતા?
(અ) જર્મની (બ) ઓસ્ટ્રેલિયા (ક) નેધરલેન્ડ (ડ) ઇંગ્લેન્ડ

(૭) હાલમાં જ વિશ્વ કુસ્તી ચેમ્પિયનશિપનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું?
(અ) ભારતમાં જલંધર ખાતે (બ) જાપાનમાં ટોકિયો ખાતે
(ક) ઓસ્ટ્રેલિયામાં મેલબોર્ન ખાતે (ડ) ડેન્માર્કમાં હેરનિંગ ખાતે

(૮) હાલમાં જ પૂર્ણ થયેલ કુસ્તી ચેમ્પયિનશિપમાં ભારતનાં કયા ખેલાડીએ કાસ્ય ચંદ્રક જીતી ઈતિહાસ સર્જતો હતો?
(અ) સુશીલકુમાર (બ) વિજેન્દ્રકુમાર (ક) રમેશકુમાર (ડ) ઉદયચંદ

(૯) હાલમાં જ નેધરલેન્ડમાં એમ્તતલ્વીન ખાતે આયોજિત યુરોપિયન હૉકી ચેમ્પિયનશીપમાં મહિલા વર્ગનો ખિતાબ કયા દેશે જીત્યો હતો?
(અ) જર્મની (બ) નેધરલેન્ડ (ક) સ્પેન (ડ) ઇંગ્લેન્ડ

(૧૦) હૈદરાબાદ ખાતે રમાયેલી બી.ડબલ્યુ.એફ. વિશ્વ બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં કયાં દેશનાં ખેલાડીઓનો દબદબો રહ્યો હતો?
(અ) ચીન (બ) જાપાન (ક) દક્ષિણ કોરિયા (ડ) ઇન્ડોનેશિયા

(૧૧) હાલમાં જ કયા ભારતીય ખેલાડીએ ટેસ્ટ મેચોમાં ૧૧૦૦૦ રન પૂરા કર્યા હતા ?
(અ) રાહુલ દ્રવિડ (બ) વિરેન્દ્ર સહેવાગ
(ક) યુવરાજ સિંહ (ડ) વી.વી.એસ. લક્ષ્મણ

(૧૨) હાલમાં જ કયા સ્ટાર ટેનિસ ખેલાડીએ પ્રોફેશનલ ટેનિસ જગતને અલવિદા કરી હતી?
(અ) સ્પેનના ખેલાડી રાફેલ નડાલે (બ) સ્વિત્ઝરલેન્ડના ખેલાડી રોજર ફેડરરે (ક) આર્જેન્ટિનાના ખેલાડી પ્રોટ્રોએ (ડ) રશિયન ખેલાડી સાફિને

(૧૩) જૂન ૨૦૦૯માં દક્ષિણ આફ્રિકામાં આયોજિત ફિફા કોન ફેડરેશન કપ ફૂટબૉલ ટૂનામેન્ટ કોણે જીતી?
(અ) ઈટાલી (બ) ફ્રાન્સ (ક) જર્મની (ડ) બ્રાઝિલ

(૧૪) હાલમાં જ પેરિસ માસ્ટર્સ ટેનિસ ટૂર્નામેન્ટના બીજા રાઉન્ડમાં કયાં ખેલાડીને વર્લ્ડ નંબર વન ખેલાડી રોજર ફેડરરને હરાવી અપસેટ સરજ્યો હતો?
(અ) ફ્રાન્સના બિન ક્રમાંકિત ખેલાડી જુલિયન બેનેટેયુએ (બ) સ્પેનના રાફેલ નડાલે (ક) આર્જેન્ટીનાના ડેલા પોટ્રાએ (ડ) બ્રિટનના એન્ડીમુરેએ

(૧૫) એશિયાડ રમતોત્સવમાં કંઇ રમત માટે ભારત આજ સુધી સતત સુવર્ણચંદ્રક મેળવતું રહ્યું છે?
(અ) ફૂટબૉલ (બ) હૉકી (ક) કબડ્ડી (ડ) કુસ્તી

## ● વિવિધા ●

### વિષય :- ભારતની જમીનના પ્રકાર અને વિસ્તાર

- રાતી રેતાળ જમીન : **તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, મધ્યપ્રદેશ**
- રાતી ગોરાળુ જમીન : **અરૂણાચલ પ્રદેશ, કેરળ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા**
- રાતી અને પીળી જમીન : **મધ્યપ્રદેશ, બિહાર, ઓરિસ્સા, મિઝોરમ, મણિપુર**
- હિમનદીના નિક્ષેપની જમીન : **કેરલ, ઓરિસ્સા, મેઘાલય**
- લેટ રાઈટ જમીન : **જમ્મુ અને કાશ્મીર, હિમાલય પ્રદેશ**
- ઉપપર્વતીય જમીન : **રાજસ્થાન**
- રણની રેતાળ જમીન : **રાજસ્થાન, ગુજરાત**
- ભૂખરી જમીન : **મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગુજરાત, કર્ણાટક**
- કાળી જમીન : **રાજસ્થાન, મધ્યપ્રદેશ, કર્ણાટક**
- મિશ્રિત રાતી, કાળી, જમીન : **જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉ.પ્રદેશ**
- પર્વતીય જમીન : **ઉત્તરાંચલ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, તમિલાનાડુ**
- કાંપની જમીન : **ઉત્તર પ્રદેશષ પંજાબ, બિહાર, પશ્ચિમ બંગાળ**
- તરાઈની જમીન : **જમ્મુ કાશ્મીર**
- કંકાલ (અપક્વ) જમીન : **જમ્મુ કાશ્મીર**

## ● ગયા સપ્તાહનો સવાલ...?

**સવાલ - થ્રી-જી ઘોટાળા કાંડમાં કયા નેતાને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે?**

**જવાબ - શ્રી. એ. રાજા.**

## ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭
(૫) મહેશભાઈ એમ. જાદવ : સાદરા વિદ્યાપીઠ
(૬) આકાશ જી. પટેલ : સે-૨૩

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ગલુદણના તેમના ઘરનાં પૂજાના ગોખમાં આજે પણ જે જર્જરીત ગીતા તથા માળા પધરાવેલા છે અને ચમત્કારીક ઘટનાની યાદ અપાવે છે, આજે પણ તેઓને પ્રશ્ન સતાવે છે, કોણ હશે તે સાધુ? ગીતાજી અને માળા પાછા કેવી રીતે આવ્યા?

## પૂર્વજની પવિત્ર પ્રસાદી - વાર્તા

**- હર્ષદરાય ઉપાધ્યાય**

ઉત્તર ગુજરાતમાં આવેલા મહેસાણા જિલ્લાના નાનકડા છેવાડાના ગામ ગલુદણના એક પટેલ પરિવારની વાત છે. જાત મહેનતે ગામના ખોરડામાંથી શ્રીમંત કહી શકાય તેવા આ પટેલ વાસ્તવમાં એક સાવ સરળ ખેડૂ પુત્ર જ છે, ધન કે હોદ્દાનું જરા પણ અભિમાન ન મળે. ઉદાર, દયાળુ તથા ધાર્મિક ભાવનાવાળા વિષ્ણુભાઇ પટેલ ને સદ્‌ગણા પત્ની મળ્યાં છે શિલ્પાબેન વ્યવહાર કુશળ તથા સંસ્કારી છે. ઘરડાં સાસુ - સસરાંની ખરા ખંતથી સેવા કરતાં હતા.

ઉંમર તેનું કામ કરે છે ન્યાયે વિષ્ણુભાઇનાં પિતાજી અવસાન પામ્યા અને થોડાજ મહિનામાં તેમનાં બા પણ અવસાન પામ્યાં. મા-બાપ પણ ધાર્મિક - હંમેશાં પૂજામાં ગીતાજી ને પ્રતમ પૂજે. તેમનાં અવસાન બાદ તેમની પાછળ હરદ્વારમાં તર્પણ કરવા બંને પતિ-પત્ની હરદ્વાર પહોંચ્યા. કનખલમાં ગંગા કિનારે એક ધર્મશાળામાં બંને રોકાયાં અને બીજા દિવસે પ્રાતઃકાળે બંને હર-કી-પૌડી પહોંચી ગયા અને વિધિ માટે એક પંડાને નક્કી કર્યો. નદીનું સૌંદર્ય પ્રાતઃખાળે વિશેષ સુંદર હોય છે. ગંગા સ્થાન માટે અનેક શ્રધ્ધાળુઓથી ઘાટ ઉભરાતા હતા. ખૂબ પવિત્ર વાતાવરણ હતું. શ્રધ્ધા હોય ત્યાં હંમેશા પ્રભુ નજીક હોય છે. વિષ્ણુભાઇ પોતાની સાથે મા-બાપની પૂજામાં રાખેલી કેટલીક જરી - પુરાણી મૂર્તિઓ, જીર્ણ થયેલી ભગવતગીતા, બે-ત્રણ તૂટેલ જેવી માળાઓ વગેરે લાવ્યા હતા.

પંડાએ પૂજા શરૂ કરીને અને વિષ્ણુભાઇએ મા-બાપની વસ્તુઓ ગંગાના સ્નિગ્ધ પ્રવાહમાં વહેવડાવી. ક્ષણ માત્રમાં મા - ગંગાએ બધી વસ્તુઓ પોતાનામાં સમાવી લીધી. આંખ ભીની હતી અને મા-બાપની યાદ તથા શ્રદ્ધા હોઇ સરસ વિધિ પંડાએ કરાવી. ત્રણ વખત સ્નાન કરી વિધિ પૂર્ણ કરી ગંગા મૈયાને વંદન કરી પંડાને તેની મુકરર રકમ આપી પતિ-પત્ની થોડા વ્યથીત હૃદયે રૂમ ઉપર આવ્યાં. દિલમાં થોડો આનંદ હતો. કેમ કે મા-બાપ પાછળ અહીં તર્પણવિધિ કરાવી હતી.

દિવસ દરમિયાન હરદ્વારમાં બંને ફર્યા અને મોડી સાંજે રૂમ ઉપર આવ્યા. થાક હતો પરંતુ વિષ્ણુભાઇ ફરી એક વખત હર-કી-પૌડી જવા ઇચ્છતા હતા. તેમનાં પત્ની થાકને લીદે જોડે ન ગયાં આથી તે એકલા ચાલતા હર-કી-પૌડી જવા નીકળ્યા.

અહીં એક વિસ્મયકારક ઘટના બનવા જઇ રહી હતી. ક્યારેક આપણે ન કલ્પી શકીએ તેવું બને ત્યારે બુદ્ધિ અને મન કામ કરતાં બંધ થઇ જાય છે.

રાત્રીના લગભગ સાડા આઠ જેવા વાગ્યા હતા. ધીમે ધીમે હરદ્વારમાં બજાર તથા ચહલપહલ બંધ થઇ રહી હતી. હર-કી-પૌડીનાં ગંગાના નીર ગંભીર પણે તેજ ગતિથી વહી રહ્યાં હતાં. ત્યાં જઇ વિષ્ણુભાઇ પગથિયે બેઠાં. ગંગા મૈયા ને સ્પર્શ કર્યો. ઠંડા - પવિત્ર જળથી તેઓ પુનઃ પાવન થયા. મા-બાપને યાદ કરી ભગવાનને પ્રાર્થના મનોમન કરવા લાગ્યા. રોજની નિશ્ચિત જગાએ બધું ગોઠવાઇ રહ્યું હતું. લગભગ દસ વાગ્યા હશે. સાધુ - સંતો, ભિખારીઓ તથા ઘરવિહોઆમા સૌ જયાં જગા મળી ત્યાં લંબાવી ચૂક્યાં હતા. કેટલાક ઊંઘતા હતા તો કેટલાક ઊંઘવાની તૈયારીમાં હતા. લગભગ બધે શાંતિ પ્રસરી રહી હતી.

વિષ્ણુભાઇ ઊભા થઇ રૂમ તરફ ચાલવા માંડ્યા. બધે સૂનકાર જેવું હતું. એકલ-દોકલ જમવાના સ્થાન બંધ થઇ રહ્યાં હતા. ધર્મશાળાની લગોલગ તે પહોચ્યા હશે ત્યાં પાછળથી કોઇકનો સાદ તેમને થયો. એક આધેડ ઉંમરના ભગવાધારી સંત ઉભા હતા. દાઢી, ઝટા વધેલાં હતા. ખભે ઝોળી હતી અને પગમાં લાકડાની પાવડી હતી, તે બોલ્યાં, "બચ્ચા ભોજન કરના હૈ, કુછ દોગે" વિષ્ણુભાઇ રાજી થતા બોલ્યા, 'કયૂં નહીં બાબા, બોલો કયા ચાહીએ.', 'વૈસે તો સીધા લેતા હું પર અભી રાત હો ગઇ હૈ, તો હો સકે તો બીસ રૂપિયા દે દો.' વિષ્ણુભાઇ ખિસ્સામાંથી પૈસા કાઢતાં બોલ્યાં, "અરે બીસ, કયા, ત્રીસ રૂપિયે લો, બાકી પૈસોંસે ચાય પી લેના." પેલા સાધુના ચહેરા ઉપર ન કળાય તેવા ભાવ આવ્યા અને બોલ્યા, વાહ, તું ભી ભડા દિલવાલા ઔર પવિત્ર ઇન્સાન હૈ. આજ મૈં તૃપ્ત હો ગયા. માનો ભોજન કર લીયા. જા, ઉપરવાલા તુજ પર બડી કૃપા કરેગા, તું સદા સુખી રહેગાં.'

વિષ્ણુભાઇ નમ્રતાથી પગે લાગી જવા કરતાં હતા ત્યાં ફરી સાધુ બોલ્યા, "એક ઔર ચીજ બૈટા, સાધુ ફોકટમેં કુછ નહીં લેતા હૈ, લે તુજે એક ચીજ દેતા હૂં, ઇસે સંભાલ કે રખના, કભી કહીં ફેંક મત દેના."

આમ બોલતાં ઝોળીમાંથી તેમણે છાપામાં વીંટેલું એક પડીકા જેવું કાઢી તેમને આપ્યું.

"ઠીક હૈ મહારાજ, ઇસ મેં સંભાલ કે રખ્ખુંગા..." આમ સાધુની ભેટ પ્રેમથી સ્વીકારી આંખે અડકાડીને તેઓ ચાલવા લાગ્યા, અને શું ભેટ છે તે જોવા પડીકું ખોલ્યું તો તેમની આંખો ફાટી રહી. અંદર એક તૂટેલી માળા તથા તેમનાં મા-બાપની નિશાની સમી સર્જરીત ગીતાજી હતા. સવારે ગંગામાં પધરાવેલ અને જળપ્રવાહમાં ડૂબી ગયેલ વસ્તુઓ બિલકુલ એ જ સ્થિતિમાં હાથમાં હતી. પોતાની આંખો ઉપર વિશ્વાસ ન બેઠો. આમ કેમ બન્યું? શી રીતે તેમણે પધરાવેલી અને જળપ્રવાહમાં ડૂબી ગયેલ ગીતાનું પુસ્તક પરત આપ્યું. શો ચમત્કાર છે?

વિષ્ણુભાઇ તરત પાછા ફર્યા પરંતુ કનખલના તે નિર્જન રસ્તા ઉપર કયાંક પેદા સાધુનો વર્તાતો ન હતો. જાણે તે સાધુ હવામાં ઓગળી ગયો હતો.

છેક રૂમ ઉપર આવ્યા અને પત્નીને જગાડી વસ્તુઓ બતાવી ત્યાં સુધી તેમનું ચકરાવે ચઢેલું હતું.

ગલુદણના તેમના ઘરનાં પૂજાના ગોખમાં આજે પણ જે જર્જરીત ગીતા તથા માળા પધરાવેલા છે અને ચમત્કારીક ઘટનાની યાદ અપાવે છે. આજે પણ તેઓને પ્રશ્ન સતાવે છે. કોણ હશે તે સાધુ? ગીતાજી અને માળા પાછા કેવી રીતે આવ્યા? શું તેમના મા-બાપમાંથી કોઇ આવીને આ હાથોહાથ પવિત્ર વસ્તુઓ આપી ગયાં? અનેક આ અને આવા પ્રશ્નોનો માત્ર એક જ જવાબ છે "પવિત્ર પૂર્વજો જરૂર કયાંકને કયાંક આપણને આમ મળતાં રહે છે."